પહેલા જ વરસાદમાં કોર્પોરેશનના તંત્રનું પાપ છાપરે ચઢી પોકાર્યું

કિશનવાડીમાં રસ્તા બિસમાર,વાહનચાલકો ત્રસ્ત

શહેરને સ્માર્ટ સિટીની ભેટ મળતાં મળશે પરંતુ હાલ તો મસમોટા ખાડા અને બિસમાર રસ્તાની ભેટ મળી

પહેલા જ વરસાદે વર્ષ દરમિયાન મળેલી સમિક્ષા બેઠકોને માત્ર તાયફો સાબિત કરી!

વડોદરા મહાનગરપાલિકાની કચેરી ખાતે આજે ડેપ્યુટી કમિશનર એન.વી. રાજપૂતના અધ્યક્ષસ્થાને શહેરની સફાઇ વ્યવસ્થા અને ચોમાસા પૂર્વેની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક મહત્ત્વની સાપ્તાહિક રિવ્યૂ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વડોદરા શહેરના તમામ વોર્ડના વોર્ડ ઓફિસરો, સેનેટરી ઇન્સ્પેક્ટરો તેમજ શહેરમાં ડોર-ટુ-ડોર કચરો સંગ્રહ કરતી વિવિધ ખાનગી એજન્સીઓના સંચાલકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ચોમાસાની સિઝન તદ્દન નજીક હોવાથી વડોદરા શહેરમાં સ્વચ્છતાની સ્થિતિ વધુ સુદ્રઢ અને સંગીન બને તે માટે બેઠકમાં ઝીણવટભરી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ તમામ પરિસ્થિતિ વચ્ચે કિશનવાડી સહિતના રસ્તાઓ તૂટી પડતાં પાલિકા સત્તાધીશોની સમિક્ષા બેઠકો માત્ર તાયફો સાબિત થઇ હોવાની ચર્ચા શહેરમાં ટોકઓફ ધ ટાઉન બની હતી.



વડોદરાઃ ચોમાસાની હજુ તો શરૂઆત થઈ છે વડોદરા શહેરમાં માત્ર એક જ વરસાદ ખાબકતા પાલિકાના પ્રી-મોન્સૂન કામગીરીના મોટા-મોટા દાવાઓ હવામાં ઓગળી ગયા હોય તેમ લાગી રહ્યું છે. પ્રથમ વરસાદના આગમનની સાથે જ શહેરના અનેક વિસ્તારોના મુખ્ય તેમજ આંતરિક રસ્તાઓનું ધોવાણ થઈ ગયું છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. શહેરના કિસનવાડી ચાર રસ્તા પાસે આવેલી કલાવતી હોસ્પિટલની સામે અને બીએસયુપી (BSUP) આવાસના મકાનો નજીકના રસ્તાઓની હાલત અતિશય દયનીય બની ગઈ છે. આ મુખ્ય માર્ગો પર ઠેર-ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે, જેમાં વરસાદી પાણી ભરાઈ જવાથી આખો રસ્તો કાદવ-કીચડથી ખદબદી રહ્યો છે. રસ્તા પરથી પસાર થતા બાઇકચાલકો અને રિક્ષાચાલકોએ આ ખાડાઓથી બચવા માટે જાણે ડિસ્કો ડાન્સ કરવો પડતો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વરસાદી પાણી ભરેલા ખાડાઓ અજાણ્યા વાહનચાલકો માટે ગંભીર અકસ્માતનું કારણ બની શકે તેમ છે. આ કપરી પરિસ્થિતિ વચ્ચે પણ આસપાસની શાળાઓમાં જતા નાના બાળકો અને રાહદારીઓ કાદવ ખુંદતા જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા છે.સ્થાનિક રહીશોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહેવાસીઓના જણાવ્યા અનુસાર, તેઓએ આ બિસ્માર રસ્તાઓ અને ગંદકી અંગે સ્થાનિક કોર્પોરેટરોથી લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરી સુધી વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. જો કે, તંત્રના બહેરા કાને આ રજૂઆતો અથડાઈને પાછી આવી હોય તેમ આજ દિન સુધી આ સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું નથી. સ્થાનિકોનું કહેવું છે કે દર વર્ષે ચોમાસામાં અહીં આવી જ વિષમ પરિસ્થિતિનું નિર્માણ થાય છે, પરંતુ અધિકારીઓ કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પગલાં લેતા નથી. કિસનવાડી નહીં, પરંતુ અલગ-અલગ વિસ્તારોમાં પણ પ્રથમ વરસાદ બાદ આવા જ બિહામણા દ્રશ્યો સામે આવ્યા છે.

જિલ્લા નિરીક્ષક જમીન દફ્તર કચેરીઓનું વિકેન્દ્રીકરણ

જમીન સંબંધિત કામો હવે વડોદરામાં ધક્કા ખાધા વિના તાલુકાકક્ષાએ જ થશે

૭ મુખ્ય સેવાઓ જે હવે તાલુકા કક્ષાએ ઉપલબ્ધ બનશે

૧) જમીનની માપણી અને સીમાડા વિવાદ
૨) હિસ્સા માપણી અને ભાગલા
૩) જમીન સનદ અને પ્રોપર્ટી કાર્ડની સેવાઓ
૪) બિન-ખેતી (NA) જમીનની માપણી અને નકશા
૫) જમીન રેકોર્ડની નકલો અને નકશા
૬) સરકારી કે જાહેર હેતુ માટેની જમીન માપણી
૭) અરજીઓનું ઝડપી ટ્રેકિંગ અને ઓનલાઈન ક્ષતિ સુધારણા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮

વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા હજારો અરજદારો અને ખેડૂતો માટે રાજ્ય સરકાર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ખુશખબર આપતો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષોથી જમીન માપણી, સીમાંકન કે નકશા મેળવવા જેવા નાના-મોટા કામો માટે ગ્રામ્ય પ્રજાને પોતાના તાલુકા મથકેથી છેક વડોદરા જિલ્લા મુખ્ય મથક સુધી લાંબા ધક્કા ખાવા પડતા હતા. પરંતુ હવે આ હાલાકીનો કાયમી અંત આવી ગયો છે. રાજ્ય સરકાર દ્વારા જિલ્લા નિરીક્ષક જમીન દફ્તર કચેરીઓનું વહીવટી વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે, જેના કારણે જમીનને લગતી અનેક મહત્વની સેવાઓ હવે સીધી તાલુકા કક્ષાએ જ ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે. સરકારના સત્તાવાર અહેવાલ મુજબ, આ નવી પ્રજાલક્ષી વ્યવસ્થા ગત તારીખ ૧૨ જૂન, ૨૦૨૬થી સમગ્ર જિલ્લામાં સંપૂર્ણપણે અમલમાં મૂકી દેવામાં આવી છે. આ વ્યવસ્થાને સુચારૂ રૂપે ચલાવવા માટે જે-તે તાલુકા મથકો પર સંબંધિત જવાબદાર અધિકારીઓની નિમણૂક પણ તાત્કાલિક અસરથી કરી દેવામાં આવી છે, જેથી વહીવટી કામગીરીમાં કોઈ વિલંબ ન થાય અને સ્થાનિક સ્તરે જ ફાઈલોનો ઝડપી નિકાલ લાવી શકાય. નવી વ્યવસ્થા હેઠળ હવે અરજદારોને જમીન સીમાંકન અને માપણીની કામગીરી, પ્રોપર્ટી કાર્ડ અને સત્તાવાર નકશા મેળવવા, બિનખેતી માટેના જરૂરી અભિપ્રાયો તેમજ સ્વામિત્વ યોજના અંતર્ગત થતી તમામ પ્રકારની મહત્વની કામગીરીઓ માટે છેક વડોદરા સુધી જવાની જરૂર રહેશે નહીં.

૨૫ જૂને બપોરે ૨ વાગ્યે મળશે પંચાયતની બેઠક

સ્વ.યોગેશ પટેલ અને કર્મચારીના નિધનને પગલે સામાન્ય સભા મોકૂફ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮

વડોદરા જિલ્લા પંચાયત ખાતે આજે યોજાનારી સામાન્ય સભા માનનીય ધારાસભ્ય યોગેશભાઈ પટેલ તેમજ જિલ્લા પંચાયતના વર્ગ-૪ ના કર્મચારી મહાવીરભાઈ વિજયભાઈના દુઃખદ અવસાનને પગલે મોકૂફ રખાઈ હતી. હતો અને આજની સામાન્ય સભાને તાત્કાલિક અસરથી મુલતવી રાખવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. સભાની શરૂઆતમાં જ બંને દિવંગત આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી અને પંચાયત પરિવાર દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. આજની મુલતવી રાખવામાં આવેલી આ સામાન્ય સભા હવે આગામી તારીખ ૨૫ જૂન ૨૦૨૬ ને ગુરુવારના રોજ બપોરે ૨ વાગ્યે વડોદરા જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે પુનઃ યોજવામાં આવશે, જેમાં પંચાયતના બાકી રહેલા વહીવટી કાર્યો અને એજન્ડા પર ચર્ચા હાથ ધરવામાં આવશે.

મકરપુરાની યુવતીએ અગમ્ય કારણોસર ફિનાઈલ ગટગટાવ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮

વડોદરાના મકરપુરા બસ સ્ટેશનની પાછળ જ આવેલ શિવશક્તિ નગરમાં રહેતી એક ૧૯ વર્ષીય યુવતીએ અગમ્ય કારણોસર ફિનાઈલ પી લઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં અને પરિવારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. યુવતીને તાત્કાલિક અસરથી સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. જ્યાં હાલ તેની સ્થિતિ સ્થિર હોવાનું અને તે ભાનમાં હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, શિવશક્તિ નગરમાં રહેતી આ યુવતીએ કયા કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. ઘટનાની જાણ થતાં જ સ્થાનીય લોકો અને પરિવારજનોએ તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં દાખલ કરી હતી.જ્યાં તેની તબિયત સુધારા પર છે.

'વોટ લેવા આવો છો, હવે મોઢું કેમ નથી બતાવતા?'

ગંદકીથી ત્રસ્ત વોર્ડ-૧૨ ના રહીશોનો મ્યુ.કોર્પોરેશનની કચેરીએ હલ્લાબોલ

પરશુરામના ભઠ્ઠા વિસ્તારમાં 25 વર્ષ જૂની ડ્રેનેજ લાઈન ઉભરાતાં ઘરોમાં ભરાયાં ગંદા પાણી

વડોદરાઃ સ્માર્ટ સિટીની ગુલબાંગો વચ્ચે વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર 12 માં સમાવિષ્ટ સયાજીગંજ વિસ્તારના પરશુરામના ભઠ્ઠા પાસે આવેલા ગરાસિયા મોહલ્લાના સ્થાનિક રહીશો પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારી રહ્યા છે. છેલ્લા 20 થી 25 વર્ષ જૂની ડ્રેનેજ લાઈનની ગંભીર સમસ્યાથી પરેશાન મહિલાઓ સહિતના સ્થાનિક રહીશોનો મોરચો આજે પાલિકાની પશ્ચિમ ઝોનની કચેરી ખાતે ઉમટી પડ્યો હતો. રહીશોએ કચેરી પરિસરમાં તંત્ર વિરોધી સૂત્રોચ્ચાર કરીને ભારે હોબાળો મચાવ્યો હતો અને પોતાની આક્રમક રજૂઆત નોંધાવી હતી. સ્થાનિક મહિલાઓ જરીનાબેન, મંજુલાબેન અને બિસ્મિલ્લાહબાનુંના જણાવ્યા અનુસાર, તેમના વિસ્તારમાં આવેલી ગટર લાઈન આશરે 30 વર્ષ જેટલી જૂની છે અને તેના ભૂંગળા અત્યંત નાના હોવાના કારણે ગટર વારંવાર ઉભરાય છે. ગંદા પાણી ઘરોમાં અને શૌચાલયોમાં બેક મારે છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાય છે. આ ગંદકીના સામ્રાજ્યને લીધે વિસ્તારમાં મચ્છરોનો ભારે ઉપદ્રવ વધ્યો છે અને નાના બાળકો ટાઈફોઈડ, મેલેરિયા જેવી જીવલેણ બીમારીઓનો ભોગ બની રહ્યા છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે પાલિકાના સફાઈ કર્મચારીઓ માત્ર સળિયા મારીને ઉપરછલ્લી સફાઈ કરીને ચાલ્યા જાય છે, પરંતુ આ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી.

રૂા. ૧ લાખનું ફંડ મળશે

વડોદરાની ૨ સહિત ગુજરાતની ૧૫ શાળાઓને રાષ્ટ્રીય માન્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

નેપ -2020ના પાંચ વર્ષની ઉજવણી અંતર્ગત શિક્ષણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલા સ્વચ્છ એવમ હરિત વિદ્યાલયા રેટિંગ 2025-26 માં ગુજરાતની 15 શાળાઓ રાષ્ટ્રીય સ્તરે પસંદ થઈ છે. યાદીમાં વડોદરાની 2 શાળાઓનો સમાવેશ થતાં જિલ્લાને ગૌરવ પ્રાપ્ત થયું છે. રાષ્ટ્રીય માન્યતા મેળવેલ જિલ્લામાં રાજકોટની 3, વડોદરા નવસારી અને પોરબંદરની 2-2 તેમજ અમદાવાદ સહિત 6 જિલ્લાની 1-1 શાળા વિજેતા બની છે. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર જે. રણજીત કુમારે જણાવ્યું કે વિજેતા 15 શાળાઓને ભારત સરકાર તરફથી વિશેષ પ્રમાણપત્ર અને ગ્રીન પ્રવૃત્તિઓ માટે 1 લાખનું ફંડ અપાશે. શાળાઓનું મૂલ્યાંકન પાણી, શૌચાલય, હેન્ડવોશ, જાળવણી, વર્તન પરિવર્તન, ઊર્જા સંરક્ષણ, રિસાયકલિંગ અને ઈકો-ક્લબ જેવા માપદંડો પર થયું હતું. રાજ્યની 44 હજારથી વધુ શાળાઓએ સ્વ-મૂલ્યાંકન કર્યું હતું. જિલ્લા કક્ષાએ કલેક્ટરની અધ્યક્ષતામાં 9 સભ્યોની કમિટી અને રાજ્ય કક્ષાએ 16 સભ્યોની કમિટી દ્વારા ક્રોસ વેરિફિકેશન બાદ જિલ્લામાંથી 262 અને રાજ્યમાંથી 20 શાળા પસંદ થઈ, જેમાંથી અંતે 15 શાળાઓને રાષ્ટ્રીય સ્તરે આખરી પસંદગી મળી છે. નિયમો અને માપદંડો અનુસાર થયેલા ક્રોસ વેરિફિકેશનના અંતે જિલ્લા કક્ષાએથી કુલ 262 શાળાઓની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે રાજ્ય કક્ષાએ અમદાવાદ, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, નવસારી, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વડોદરા અને વલસાડ જિલ્લાઓનો સમાવેશ કરીને કુલ 20 શ્રેષ્ઠ શાળાઓની પસંદગી કરાઈ હતી.

SSG હોસ્પિટલનો અણઘડ વહીવટ ફરી વિવાદમાં

SSG હોસ્પિટલમાં બુદ્ધિનું પ્રદર્શન ટોયલેટમાં પંખો મૂકાતા ભારે વિવાદ

વોર્ડમાં અને ICUમાં AC બંધ થતાં ભાડેથી કૂલર લાવનાર તંત્રની અજીબોગરીબ ગોઠવણથી આશ્ચર્ય

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮

વડોદરાની સયાજી હોસ્પિટલ અવારનવાર તેની કથળતી વ્યવસ્થાઓ અને અણઘડ વહીવટને કારણે વિવાદોના વમળમાં રહે છે. ક્યારેક દર્દીઓના વોર્ડમાં પંખા બંધ હોવાની બૂમો ઉઠે છે, તો ક્યારેક ગંભીર દર્દીઓ માટેના ICUમાં AC બંધ થઈ જતાં હોસ્પિટલ તંત્રને લાખોના ભાડા ખર્ચીને એર કૂલર લાવવાની નોબત આવે છે. હોસ્પિટલની આવી અગવડો વચ્ચે સોશિયલ મીડિયા પર એક ચોંકાવનારો વીડિયો વાયરલ થયો છે, જેણે ભારે ચર્ચા જગાવી છે. વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે સયાજી હોસ્પિટલના એક ટોયલેટમાં અંદર ટેબલ પંખો (કેડલ પંખો) મૂકવામાં આવ્યો છે. સામાન્ય રીતે જ્યાં દર્દીઓ ગરમીથી બચવા માટે તરફડી રહ્યા હોય છે, ત્યાં ટોયલેટમાં પંખાની આ વૈભવી વ્યવસ્થા જોઈને લોકો આશ્ચર્ય સાથે તંત્રની બુદ્ધિનું પ્રદર્શન જોઈ રહ્યા છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લોકો હોસ્પિટલ મેનેજમેન્ટની આકરી ટીકા કરી રહ્યા છે અને સવાલ ઉઠાવી રહ્યા છે કે, જ્યાં પંખાની ખરેખર જરૂર છે ત્યાં કેમ નથી ? આ ઘટનાએ હોસ્પિટલ તંત્રના આયોજન વગરના અને બેજવાબદાર વહીવટની પોલ ખોલી નાખી છે. કરોડો રૂપિયાની ગ્રાન્ટ મેળવતી આ સરકારી હોસ્પિટલમાં સુવિધાઓનું સરખું વિતરણ કેમ નથી થતું, તે એક મોટો સવાલ છે. એક તરફ ગરીબ દર્દીઓ અસહ્ય ગરમીમાં વોર્ડમાં પંખા રિપેર થવાની રાહ જુએ છે, અને બીજી તરફ ટોયલેટમાં પંખો ગોઠવી દેવાય છે. જ્યારે RMO ડૉ. હિતેન્દ્ર ચૌહાણનો સંપર્ક કરાયો ત્યારે "વીડિયો મોકલો, જોઈને કહું" કહીને છેવટે ફોન જ સ્વીચ ઓફ કરી દેવાયો. આ અણઘડ આયોજનને કારણે હવે સયાજી હોસ્પિટલ ફરી એકવાર સમગ્ર રાજ્યમાં ટોક ઓફ ધ ટાઉન બની છે.

રાત્રી બજાર પાસે કારે મોપેડને અડફેટે લેતા બે શખસને ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા. ૧૮

શહેરના જાણીતા અને મોડી રાત સુધી ધમધમતા કારેલીબાગ રાત્રી બજાર પાસે ગત મોડી રાત્રે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે અને બેફામ રીતે આવી રહેલી એક કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા રસ્તા પરથી પસાર થઈ રહેલા મોપેડને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે મોપેડ પર સવાર બંને યુવકો હવામાં ફંગોળાયા હતા અને રોડ પર પટકાતા તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં મોપેડ ચાલક તોહીદ પટેલ તેમજ તેમની સાથે પાછળ સવાર જીશાન બાપુ નામના બંને યુવકોને ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોના ટોળાએ એકઠા થઈને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. લોહીલુહાણ હાલતમાં બંને ઈજાગ્રસ્ત યુવકોને તાત્કાલિક સારવાર અર્થે એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. મોડી રાત્રે બનેલી આ ઘટનાને પગલે વિસ્તારમાં થોડો સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ હરણી પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ ઘટનાસ્થળે અને ત્યારબાદ હોસ્પિટલ પહોંચ્યો હતો.

દંતેશ્વરની મહિલાને ગભરામણ થતાં સારવાર દરમિયાન મોત નિપજ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮

વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં રહેતી એક પ્રૌઢ મહિલાને મોડી રાત્રે અચાનક ગભરામણ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. મળતી વિગતો અનુસાર, દંતેશ્વર વિસ્તારમાં આવેલા મારવાડી મહોલ્લામાં રહેતા ૫૨ વર્ષના લક્ષ્મીબેન રાજકુમાર ગત મોડી રાત્રે આશરે ત્રણ વાગ્યે પોતાના ઘરે હતા, ત્યારે તેમને અચાનક જ અસહ્ય ગભરામણ થવા લાગી હતી. પરિવારજનો તાત્કાલિક તેમને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. હોસ્પિટલના ફરજ પરના તબીબો દ્વારા લક્ષ્મીબેનની સારવાર શરૂ કરવામાં આવી હતી, પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ ગણતરીના સમયમાં તેમણે હોસ્પિટલના બિછાને જ પોતાનો દમ તોડી દીધો હતો.

ઘરના આંગણે મોત નીપજતાં પરિવારમાં શોકનો માહોલ

આજવા રોડની ટાઉનશિપમાં અચાનક પડી જતાં વૃદ્ધનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮

શહેરના આજવા રોડ વિસ્તારના કમલાનગર તળાવ નજીક આવેલી એક ટાઉનશિપમાં ગઈકાલે સાંજે એક અત્યંત દુખદ અને કમનસીબ ઘટના સામે આવી છે. ઘરમાં જ અચાનક પગ લપસી જતાં અથવા ચક્કર આવી પડી જવાને કારણે એક ૭૩ વર્ષીય વૃદ્ધે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ આકસ્મિક ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અને સોસાયટીમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

સમગ્ર ઘટના અંગે સૂત્રોમાંથી મળતી સત્તાવાર વિગતો મુજબ, વડોદરાના આજવા રોડ પર આવેલી અમરદીપ ટાઉનશિપમાં રહેતા ૭૩ વર્ષીય વૃદ્ધ ઝવેરભાઈ સોલંકી ગઈકાલ સાંજ સવા ચાર વાગ્યાના અરસામાં પોતાના ઘરે હાજર હતા. દરમિયાન સાંજે આશરે ૪:૩૦ વાગ્યે તેઓ ઘરમાં અચાનક કોઈ કારણસર નીચે પડી ગયા હતા. જેના કારણે તેમને શરીરે અને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે ગભરાયેલા પરિવારજનો અને આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. ઝવેરભાઈને વધુ સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના હાજર તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

હોસ્પિટલ પ્રશાસન તરફથી આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા બાપોદ પોલીસની ટીમ હોસ્પિટલ ધસી ગઈ હતી. પોલીસે જરૂરી કાગળો તૈયાર કરી, મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કિશોરીને ઘરમાં ગરોળી કરડતાં સયાજી હોસ્પિટલમાં ખસેડાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા. ૧૮

શહેરમાં સામાન્ય રીતે કૂતરા, બિલાડી, સાપ કે વીંછી કરડવાના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે, પરંતુ નવાપુરા વિસ્તારમાં એક અત્યંત અજીબોગરીબ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં આવેલ નવાપુરા હાઉસિંગ બોર્ડ પાસે રહેતી એક ૧૬ વર્ષીય કિશોરીને પગના ભાગે ગરોળી કરડી જતાં તેને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ વિચિત્ર ઘટનાને પગલે તબીબો સહિત સ્થાનિક રહીશોમાં ભારે આશ્ચર્ય ફેલાયું છે. નવાપુરા હાઉસિંગ બોર્ડ પાસે રહેતી કિશોરી ઘરમાં હાજર હતી, તે દરમિયાન અચાનક જ એક ગરોળીએ તેના પગ પર બટકું ભરી લીધું હતું. ગરોળી કરડતાં જ કિશોરીએ બૂમાબૂમ કરી મૂકી હતી. પરિવારજનો તુરંત દોડી આવ્યા હતા અને કિશોરીને તાત્કાલિક અત્રેની સયાજી હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. સામાન્ય રીતે ભારતમાં જોવા મળતી ઘરગથ્થુ ગરોળીઓ ઝેરી હોતી નથી, પરંતુ તેના કરડવાથી લોહીમાં ઈન્ફેક્શન લાગવાનો ભય રહે છે. હાલ કિશોરીની સ્થિતિ સ્થિર છે અને તેને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવી છે. આ અસામાન્ય ઘટનાને પગલે હોસ્પિટલ પરિસરમાં પણ કુતૂહલ સર્જાયું હતું, જ્યારે સ્થાનિક લોકોમાં ગરોળી કરડવાની વાત વાયુવેગે પ્રસરતાં આશ્ચર્ય સાથે થોડો ફફડાટ પણ જોવા મળ્યો છે.